# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2557 ❖ કાર્તિકી પૂર્ણિમા ❖ 17 નવેમ્બર 2013 ❖ વર્ષ – 14 ❖ અંક – 8 ❖ સળંગ અંક - 164


## ધમ્મવાણી

सब्बे सङ्खारा अनिच्चा'ति यदा पञ्ञाय पस्सति।
अथ निब्बिन्दति दुक्खे एस मग्गो विसुद्धिया॥

સઘળા સંસ્કાર અનિત્ય છે(જે કાંઈ ઉત્પન્ન થાય છે તે નષ્ટ થાય જ છે). આ (સચ્ચાઈ)ને જ્યારે કોઈ પ્રજ્ઞા (વિપશ્યના) થી જોઈ (જાણી) લે છે, ત્યારે તેને દુ:ખોથી નિર્વેદ પ્રાપ્ત થાય છે( દુ:ખક્ષેત્ર પ્રત્યેનો ભોક્તાભાવ તૂટી જાય છે). આવો છે આ વિશુદ્ધિનો માર્ગ!

## પદ્મભૂષણ વિશ્વ વિપશ્યનાચાર્ય શ્રી સત્યનારાયણજી ગોયન્કાની અંતીમ યાત્રા



પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી ગોયન્કાજીનું મહાપ્રયાણ ૯૦ વર્ષની વયે રવિવાર તા.૨૯.૯.૨૦૧૩ની રાત્રે ૧૦.૪૦ વાગ્યે ઘરે(મુંબઈમાં) શાંતિપૂર્વક થયું. અંતિમ સમય સુધી તેઓ પૂર્ણ રીતે સક્રિય, સજાગ, સચેત અને શાંત હતા. જીવનના અંતિમ દિવસે પણ તેમની દિનચર્યા કોઈ તકલીફ વિના પૂર્વવત્ રહી.

આ મહિને પણ અનેક લોકો પૂજ્ય ગુરુદેવને મળવા આવ્યા અને તેમની સાથે ધર્મચર્ચા કરી. કેટલાયે અગ્રગણ્ય સાધકો ઉપરાંત બર્માના ધાર્મિક તથા સાંસ્કૃતિક મંત્રાલયના ઉપમંત્રી શ્રી ઊ સો વિન તેમજ તેમની સાથે ચાર બર્મી ભિક્ષુઓ આવેલા. પૂ.ગુરુદેવના સાન્નિધ્યમાં ગ્લોબલ વિપશ્યના ફાઉન્ડેશન ટ્રસ્ટની બેઠક થઈ. મહારાષ્ટ્રના હોમગાર્ડ ડી.જી.સુરિંદરકુમાર સિંહ(આઇ.પી.એસ) આવીને મળેલા, તે જ રીતે અમેરિકાના ડોક્ટર સુખદેવ સોની પણ મળેલા.

તેમણે પોતાના લેખન સંબંધી કેટલાંયે મહત્ત્વપૂર્ણ કાર્યો પણ આટોપ્યાં. પોતાની રોજનિશી



છવીસમી સપ્ટેમ્બરે સંઘદાન વખતે ભિક્ષુઓની સાથે

વગેરેમાં લખેલા હિંદીના તથા રાજસ્થાનીના ૫૦૦-૫૦૦ કરતાંયે વધુ અપ્રકાશિત દોહાઓનું ચયન

કરાવીને સુધારા વધારા કરાવડાવ્યા અને તેને દોહાના પુસ્તકોના આગામી સંસ્કરણમાં ઉમેરવાનું સૂચન કર્યું.

પૂ.ગુરુદેવના નિવાસસ્થાને ૨૯મી સપ્ટેમ્બરની સવાર સુધી છેલ્લા દસ દિવસોથી પુત્રવધૂ નયના તરફથી નિત્ય સંઘદાન ચાલી રહ્યું હતું, જેમાં પૂ.માતાજી પોતાના હાથે સંઘદાન કરતાં હતાં; એ દરમ્યાન પૂ. ગુરુદેવ પણ ઘણીવાર ભિક્ષુઓને મળ્યા અને સાધક ભિક્ષુઓને મંગલમૈત્રી આપી.

૨૯મી સપ્ટેમ્બરે સવારે નાસ્તાના સમયે પૂ. ગુરુદેવે શ્રીપ્રકાશને પેગોડાના કામકાજના બારામાં પૂછ્યું તો તેણે કહ્યું કે આજે રવિવાર છે, હું ત્યાં જ જવાનો છું, આવીને બધી વાત કહીશ.

બપોરે ભોજન કરતી વખતે પૂ.ગુરુદેવે તેમની પાસે બેઠેલાં પૂ.માતાજી,પુત્ર શ્યામવિહારી તથા શ્રીપ્રકાશને સંબોધીને કહ્યું, "આજે મેં ડોક્ટરોને રજા આપી દીધી"; તે વખતે તો તેમનું આ કથન કોઈને ગંભીર ન લાગ્યું, તેમ છતાં આજ સવારથી જ એવું લાગે કે જાણે તેમણે શરીર છોડવાનો નિશ્ચય કરી લીધો હોય. એટલે મોટેભાગે અંતર્મુખી રહ્યા. રાત્રે જ્યારે તેમનું શરીર સદાને માટે ઉપચારમુક્ત થઈ ગયું ત્યારે તેમનું એ કથન પૂર્વસંકેતના રૂપમાં બધાંને સમજાયું.

સાંજે ચાપાણી પછી તેમણે છાપાંનાં શીર્ષક વાંચ્યાં, ત્યારબાદ પોતાના ઓરડામાં ખુરશી પર બેસીને ધ્યાન કર્યું. રાત્રે નવ વાગ્યા પછી જમવા આવ્યા. મોટે ભાગે જમ્યા પછી તેઓ શ્રીપ્રકાશને આખા દિવસના સમાચાર પૂછતા અને વિપશ્યના સંબંધી અથવા કેન્દ્રો સંબંધી વાતો પર પણ ચર્ચા કરતા, પરંતુ આજે કશી વાત ન કરી અને સીધા પોતાના ઓરડામાં ચાલ્યા ગયા.

ઓરડામાં થોડીવાર બેસી રહ્યા; પછી પોતાને પથારીમાં સૂવડાવવા કહ્યું. સૂવડાવ્યાની થોડીવારમાં જ શરીર છોડવાની પ્રક્રિયાનો આરંભ થઈ ગયો. થોડીવાર માટે શ્વાસની ગતિ ઝડપી થઈગઈ, ત્યારે પૂ. માતાજીએ પુત્ર શ્રીપ્રકાશ તથા પુત્રવધૂ નયનાને બોલાવ્યા; આવતાં જ તેમણે ડોક્ટરોને બોલાવ્યા. એ જ બિલ્ડીંગના ડોક્ટરે આવતાં જ એમ્બ્યુલન્સ મંગાવવાનો અને હોસ્પિટલમાં જરૂરી તૈયારીઓ કરવાનો આદેશ આપ્યો; પરંતુ ફેમિલી ડોક્ટર આવતાં સુધીમાં સ્થિતિ નાજુક થઇ ચૂકી હતી; તેણે સંકેત કર્યો કે હવે એમ્બ્યુલન્સનો કોઇ ફાયદો નહીં થાય, એમ્બ્યુલન્સ આવતાં સુધીમાં તેમને તેમાં લઈજઈ નહીં શકાય. અને ખરેખર થોડીવારમાં જ તપાસીને તેણે જણાવી દીધું કે તેમનું હૃદય બંધ પડી ગયું છે. પરંતુ પૂ. ગુરુદેવના ચહેરા પર પીડાનો કોઈભાવ કે ચિહ્‌ન ન હતું. જે રીતે તેમણે જીવનભર લોકોને વિપશ્યના વિદ્યા દ્વારા જીવન જીવવાની તથા મરવાની કળા શીખવાનો ઉપદેશ દીધો, બિલકુલ તેને અનુરૂપ એક આદર્શ ગૃહસ્થસંતની માફક સદાને માટે શરીર ત્યજી દીધું.

તે વખતે વાતાવરણમાં ગહન શાંતિ છવાઈ ગઈ. કોઈને વિશ્વાસ જ ન હતો થતો કે તેઓ હવે સદાને માટે સંસાર છોડીને ચાલ્યા ગયા છે. કોઈના મોઢામાંથી રુદન કે દુઃખનો એક શબ્દ સુદ્ધાં ન નીકળ્યો. આ અગાઉ જ્યારે પણ તેમને વધુ તકલીફ થતી તો પૂ. માતાજીને આંસુ આવી જતાં પરંતુ આજે તેમની મનોસ્થિતિ અત્યંત શાંત, સમતામય અને પ્રેરણાદાયક હતી. તેમને જોઈને લાગ્યું કે ખરેખર ધર્મ કેટલો મહાન છે અને ખરા વખતે કેવો કામ લાગે છે.

પછી તો એક-બે વ્યક્તિને જણાવતાં જ આખા મુંબઇ શહેરમાં જ નહીં, વિશ્વભરમાં આ સમાચાર દાવાનળની માફક સર્વત્ર ફેલાઈ ગયા. રાત્રે જ લોકોના ફોન તથા અવરજવર શરૂ થઈ ગઈ. પરિવારના કોઈ સભ્ય વિદેશ હતા, તેને પહોંચવામાં ચોવીસ કલાકથી વધુ સમય લાગી જાય તેમ હતું તેથી નિર્ણય કરવામાં આવ્યો કે ૩૦મી સપ્ટેમ્બરે તેમનું શરીર કાચની સ્વયંશીતળ પેટીમાં ઘરે જ રાખવું અને ૧લી ઓક્ટોબરે



ત્રીસમી સપ્ટેમ્બરે ઘરની અંદર શ્રદ્ધાંજલિ

બપોરે અંતિમક્રિયા કરવી. દિવસભર હજારો લોકોની ભીડ આવતી રહી અને શ્રદ્ધાંજલિ આપીને આગળ વધતી રહી.

રાત્રે દસ વાગ્યે પણ ચારસો-પાંચસો લોકો બિલ્ડીંગની બહાર રસ્તા પર કતારબદ્ધ ઊભા હતા. જેઓ અંદર આવી ગયા હતા તેમાંના દૂરથી આવેલા કેટલાક લોકો નીચે બાંધેલા શમિયાણામાં રાત રોકાઈગયા. બાકીનાને સવારે આવવા કહેવું પડ્યું. ૧લી ઓક્ટોબરે સવારે ૬ વાગ્યાથી જ ફરી લોકોની આવજા શરૂ થઈ ગઈ. સવા દસ વાગ્યા સુધી દર્શનાર્થીઓની લાંબી કતાર ચાલુ રહી.સવા દસે પૂ. ગુરુદેવનું પાર્થિવ શરીર નીચે બાંધેલા શમિયાણામાં લાવવામાં આવ્યું અને ત્યાં પણ સાડા અગિયાર સુધી લોકો કતારબદ્ધ શ્રદ્ધાંજલિ આપતા રહ્યા હતા.

મહારાષ્ટ્ર સરકારે રાજકીય સન્માન સાથે પૂ. ગુરુદેવને વિદાય આપવાની ઘોષણા કરી હતી. તે મુજબ



શમિયાણાની બહાર લઈજતું પોલિસદળ



રાજકીય સન્માન આપતું પોલિસદળ

સરકારે વિશિષ્ટ પરિધાનમાં એક શસ્ત્રસજ્જ પોલિસદળ મોકલ્યું જેણે પૂ. ગુરુદેવના પાર્થિવ શરીરને રાષ્ટ્રધ્વજમાં ઢાંકીને બેંડવાજાં,બ્યુગલ અને તલવાર તથા બંદૂકોની સલામી આપીને સન્માન પ્રદર્શિત કર્યું. આ પોલિસદળ સ્મશાન સુધી પૂ.ગુરુદેવની શોભાયાત્રા સાથે ગયું અને અંતિમક્રિયા સમાપ્ત થતાં ફરીથી બંદૂકોની સલામી આપી.સરકારે મોટી સંખ્યામાં પોલિસની વ્યવસ્થા કરાવી હતી. કેટલીક સ્વયંસેવી સંસ્થાઓએ મળીને પાંચ-છ કિલોમીટર દૂરના સ્મશાને જવાના રસ્તાને સુગમ બનાવ્યો. કેટલાક ભિક્ષુ વાહનની આગળ ચાલી રહ્યા હતા, જ્યારે હજારો લોકોની ભીડ કતારબદ્ધ, શાંતભાવે ઓશિવારા, જોગેશ્વરીના વિદ્યુત-સ્મશાનગૃહ સુધી અંતિમ વિદાય આપવા માટે તેમની પાછળ ચાલતી રહી. રાષ્ટ્રીય સન્માન માટે લાવવામાં આવેલો રાષ્ટ્રધ્વજ પૂ. ગુરુદેવની સ્મૃતિને ચિરકાળ જીવિત રાખવા માટે પોલિસદળે પરિવારને સોંપી દીધો.

૧લી ઓક્ટોબરે સાંજે તેમનો અસ્થિકળશ જ્યારે ગ્લોબલ વિપશ્યના પેગોડાએ પહોંચ્યો ત્યારે પેગોડાના મુખ્ય દ્વાર પાસે ગાડી ઊભી રહેતાં જ ઝરમર વરસાદ થયો, જાણે પર્જન્યદેવ તથા અન્ય સમ્યક દેવો તેમનું સ્વાગત કરવા માટે અગાઉથી જ તત્પર હોય.

બીજી ઓક્ટોબરની સાંજે ૪ થી ૭ દરમ્યાન સગાં-સંબંધીઓ તથા પરિચિત લોકોની બેઠક જલારામ હોલ,જુહૂ સ્કીમમાં રાખવામાં આવી હતી. ત્યાં પણ સેંકડો લોકોએ પૂ. ગુરુદેવને અંતિમ શ્રદ્ધાંજલિ અર્પણ કરી.બીજી ઓક્ટોબરના છાપાંઓમાં જાહેરાત કરી દેવામાં આવેલી કે છઠ્ઠી ઓક્ટોબરે ગોરાઇના



મુંબઇમાં શોભાયાત્રા, ભિક્ષુઓની પાછળ અન્ય લોકો

પેગોડાના મુખ્ય સાધનાખંડમાં સામૂહિક સાધના રાખવામાં આવેલી છે, જેમાં સામેલ થવા દૂર સુદૂરથી લોકો આવ્યા. હંમેશાંની માફક પૂ. માતાજી સાધનાખંડના મધ્યભાગમાં બેઠાં અને તેમની પાસે પૂ. ગુરુદેવના ફોટાની સામે અસ્થિકળશ રાખવામાં આવ્યો. લગભગ પાંચ હજાર સાધકો ઉપરાંત અન્ય હજારો શ્રદ્ધાળુઓએ શ્રદ્ધાંજલિ આપી. ત્યારબાદ અસ્થિકળશ બર્મા લઈજવામાં આવ્યો.

પૂ. ગુરુદેવની ઇચ્છા હતી કે તેમનાં અસ્થિનું વિસર્જન તેમની જન્મભૂમિ બર્મામાં ઇરાવદી નદીમાં કરવું. આથી છઠ્ઠી ઓક્ટોબરે રાત્રે પૂ. ગુરુદેવના પાંચ પુત્રો- શ્રી બનવારીલાલ, શ્રી મુરારીલાલ, શ્રી શ્યામવિહારી, શ્રી શ્રીપ્રકાશ, શ્રી જયપ્રકાશ તથા તેમના ત્રણ પૌત્રો તેમજ કેટલાક અન્ય સદસ્યોએ અસ્થિકળશ સાથે બર્મા જવા પ્રસ્થાન કર્યું. સૌથી મોટા પુત્ર શ્રી ગિરધારીલાલજી અસ્વસ્થતાને કારણે બર્મા ન જઈશક્યા પરંતુ મુંબઇના બધા જ કાર્યક્રમોમાં નિયમિત રૂપે ઉપસ્થિત હતા. સાતમી ઓક્ટોબરે લગભગ દોઢ વાગ્યે વિમાન મુંબઇથી બેન્કોક જવા રવાના થયું. બેન્કોકના હવાઇમથકે અઢી કલાક પછી યાંગો (રંગૂન) માટે વિમાન બદલવાનું હતું.

થાઇલેન્ડમાં વિપશ્યનાનાં નવ કેન્દ્રો હોવાને લીધે શ્રદ્ધાળુઓની સંખ્યા ઘણી વધારે છે. તેમણે બધાએ મળીને હવાઇમથકના અધિકારીઓ તથા સરકારના સહયોગથી લાઉન્જમાં જ બે ઓરડા નોંધાવીને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ ઘડેલો. અધિકારીઓના સહયોગથી લગભગ વીસ વ્યક્તિઓએ વિમાનના દ્વાર સુધી જઈને અસ્થિકળશ સાથે ઊતરનારા લોકોનું ભવ્ય સ્વાગત કર્યું.એ લોકો વીઝા લેવા માગતા હતા પરંતુ અધિકારીઓએ કેવળ પાસપોર્ટ પોતાની પાસે રાખીને તેમને બહાર લાઉન્જમાં જવાની પરવાનગી આપી દીધી. ત્યાં અગાઉથી સફેદ કમળના ફૂલોથી સજાવેલા મંચ પર રાખવામાં આવેલા પૂ. ગુરુદેવના ફોટા સામે અસ્થિકળશ મૂકવામાં આવ્યો. આખી રાત વરસાદ થયો હોવા છતાં સેંકડોની સંખ્યામાં સાધકો એકત્ર થયા હતા. તેમણે એક પછી એક નાનાં નાનાં જૂથોમાં એક કલાક સુધી પૂ. ગોયન્કાજીને અંતિમ શ્રદ્ધાંજલિ આપીને ધન્યતા અનુભવી. એક ખાસ બાબત એ હતી કે આખી રાત ચાલેલો ભારે વરસાદ આ વિમાન ધરતી પર ઊતરતાં જ બંધ થઈ ગયેલો અને લોકોએ નિરાંતનો શ્વાસ લીધેલો.

સાતમી ઓક્ટોબરે સવારે યાંગોના હવાઇમથકે પણ અસ્થિકળશનું ભવ્ય સ્વાગત થયું. અસ્થિકળશને એક સુસજ્જિત વાહન પર રાખીને વિપશ્યનાના પ્રથમ કેન્દ્ર ધમ્મજોતિ લઈ જવામાં આવ્યો. બર્મામાં વિપશ્યનાનાં વીસ કેન્દ્રો છે અને શ્રદ્ધાળુઓની સંખ્યા મોટી છે. બધાં બહુ આતુરતાથી અસ્થિકળશની પ્રતીક્ષા કરી રહ્યા હતા. હોલમાં અગાઉથી સુસજ્જિત મંચ પર અસ્થિકળશ રાખવામાં આવ્યો અને કતારબદ્ધ થઈને સાધકો શ્રદ્ધાંજલિ આપતા રહ્યા.

સાતમી ઓક્ટોબરે ૨.૨૭ વાગ્યે બર્મામાં ૩.૧ રેક્ટરનો ધરતીકંપ અનુભવાયો જેને જન્મભૂમિ બર્મામાં પ્રકૃતિ દ્વારા પૂ.ગુરુદેવ શ્રી ગોયન્કાજીના અંતિમ સ્વાગતનો સંકેત ગણવામાં આવ્યો.પૂ. ગુરુદેવ જૂન ૧૯૬૯માં જ્યારે બર્માથી ભારત આવેલા ત્યારે પણ હળવો ધરતીકંપ અનુભવાએલો.



થાઇલેન્ડના હવાઇમથકે શ્રદ્ધાંજલિ

આઠમી ઓક્ટોબરની સવારે નવ વાગ્યે બર્માના ગોયન્કા નિવાસમાં ૯૦ ભિક્ષુઓને સંઘદાન આપવામાં આવ્યું. ત્યારબાદ બપોરે અગિયાર વાગ્યે ધમ્મજોતિથી અસ્થિકળશને લઈને બધા લોકો બોટઠાઉ જેટી પર ગયા; ત્યાં મોટરબોટ મારફત ઇરાવદી નદીની મધ્યમાં જઈને પૂ. ગુરુદેવના પુત્રો તથા પૌત્રોએ થોડાં અસ્થિનું વિસર્જન કર્યું; યોગાનુયોગ તે જ વખતે બર્મી સરકારે જેલમાંથી છપ્પન કેદીઓને મુક્ત કર્યા. પાછા ફરીને અસ્થિકળશ ફરીથી ધમ્મજોતિમાં રાખવામાં આવ્યો.




યાંગોના ધમ્મજોતિ કેન્દ્રમાં અસ્થિકળશ



યાંગોમાં ઇરાવદી નદીમાં અસ્થિવિસર્જન

તે જ દિવસે સાંજે ૩ થી ૫ દરમ્યાન હોટલ રોયલ પાર્કના બોલરુમમાં એક બેઠક રાખવામાં આવી, જેમાં બર્મામાં રહેતાં સગાંસંબંધીઓ, પરિચિતો, મિત્રો તથા અન્ય શ્રદ્ધાળુઓએ આવીને શ્રદ્ધાંજલિ આપી.

નવમી ઓક્ટોબરે સવારે અસ્થિકળશ લઈને સૌ ધમ્મજોતિથી મચીના જવા માટે વિમાન દ્વારા રવાના થયા. ત્યાં ઊતરીને જ્યાંથી નદીનો આરંભ થાય છે ત્યાં મચીનાની ઇરાવદીમાં થોડાં અસ્થિનું વિસર્જન કરવામાં આવ્યું. એ બધાંએ અસ્થિકળશ લઈને તે જ દિવસે માંડલે પાછા ફરવાનું હતું, તેથી તે વિમાનને તેઓ પાછા ફરે ત્યાં લગી લગભગ અઢી કલાક રોકાવું પડયું, જે રાબેતા મુજબ અર્ધા કલાકમાં જ પાછું વળતું.

એ વિમાનમાં તેઓ માંડલે પાછા ફર્યા અને કળશને વિપશ્યના કેન્દ્ર ધમ્મમંડલમાં રાખવામાં આવ્યો જેથી શ્રદ્ધાળુ લોકો શ્રદ્ધાંજલિ આપી શકે. સાંજે બર્માના પ્રસિદ્ધ ભિક્ષુ ભદંત ઞાંણીસારજી, સિતગુ સયાડોએ આગામી દિવસનો પૂરો કાર્યક્રમ નિશ્ચિત કરીને સૌને સમજાવ્યો. માંડલે રાજ્યના મુખ્યમંત્રી અને બર્મી સરકારના ધાર્મિક તથા સાંસ્કૃતિક મંત્રાલયના મંત્રીએ તેમજ માંડલેના પોલિસ કમિશ્નરે સાંજે જ ત્યાં પહોંચીને આખા કાર્યક્રમનું અવલોકન કરીને સમર્થન કર્યું. તેમણે પોતાના અધિકારીઓને આદરણીય ભંતેજીની ઇચ્છાનુસાર કામ કરવાની સૂચના આપી.

દસમી ઓક્ટોબરે સવારે નવ વાગ્યે આદરણીય ભિક્ષુઓ માટે સંઘદાનનું આયોજન કરેલું હતું. ભોજન પીરસાતાં પહેલાં સુત્તપાઠ બાદ ભદંત ઞાંણીસારજીએ પૂ. ગુરુદેવ વિશે બર્મી ભાષામાં વિસ્તૃત પ્રવચન આપ્યું. ત્યારબાદ બહોળી સંખ્યામાં એકત્ર થયેલા બધા આગંતુકોને ભોજન કરાવાયું. ત્યારબાદ યાત્રાના આરંભ



મચીનામાં રથયાત્રા



મચીનાની ઇરાવદીમાં અસ્થિવિસર્જન માટે

પૂર્વે ભદંત ઞાંણીસારજીએ બધા ભિક્ષુઓને સૂચના આપી કે તેઓ નીચેના પાલિપદનો પાઠ યાત્રાના

આરંભથી અંત સુધી સતત કરતા રહે, જેનો અર્થ પણ નીચે લખેલો છે

अनिच्च वत सङ्खारा, उप्पादवयधम्मिनो।
उप्पज्जित्वा निरुज्झन्ति, तेसंवुपसमोसुखो॥


માંડલેમાં રથયાત્રા


ગ્લોબલ પેગોડા, ગોરાઇ, મુંબઇના સાધનાખંડમાં સામૂહિક સાધના


માંડલેની ઇરાવદીમાં નૌકાઓ

(दीघनिकाय २२२१, महापरिनिर्वाणसु।)

-ખરેખર, બધા સંસ્કાર અનિત્ય જ છે, ઉત્પન્ન થનારી બધી સ્થિતિઓ, વસ્તુ, વ્યક્તિ અનિત્ય જ છે. ઉત્પન્ન થવું અને નષ્ટ થઈ જવું, એ તો તેમનો ધર્મ જ છે, સ્વભાવ જ છે. ઉત્પન્ન થઈને નિરુદ્ધ થનારા આ પ્રપંચનું જ્યારે વિપશ્યના સાધનાના અભ્યાસ દ્વારા પૂર્ણતઃ ઉપશમન થઈજાય છે, અર્થાત્પુનઃ ઉત્પન્ન થવાનો ક્રમ સમાપ્ત થઈજાય છે, તેનું નામ પરમ સુખ છે, તે જ નિર્વાણ-સુખ છે.

આમ બપોર પછી શાહી સાજ સરંજામ અને સન્માન સાથે શોભાયાત્રાનો પ્રારંભ થયો. સોનેરી રંગના હંસની આકૃતિવાળા ખાસ વાહન પર અસ્થિકળશ રાખવામાં આવ્યો; તેની પાછળ ગોયન્કા પરિવારની ગાડીઓ ચાલી; તેની પાછળ ભિક્ષુ-ભિક્ષુણીઓ અને વિપશ્યનાનો આચાર્યગણ; તેની પાછળ પત્રકારોની અને છેલ્લે આમજનતાની ગાડીઓ હતી. કાર્યક્રમ નિશ્ચિત કરતી વખતે કેવળ ૬૯ ગાડીઓ જ ઉપસ્થિત હતી પરંતુ યાત્રા આરંભ થતાં સુધીમાં લગભગ ત્રણસો ગાડીઓ થઈગઈ.

લગભગ દોઢ-બે કલાકની આ યાત્રા ઇરાવદી નદીની પમાદી જેટીએ પહોંચી. કિનારે ખાસ સજાવેલી પાંચ મોટરબોટની વ્યવસ્થા કરવામાં આવેલી હતી; એકમાં અસ્થિકળશ સાથે પરિવારના લોકો અને વિપશ્યનાના આચાર્યો બેઠા, બીજીમાં કેવળ ભિક્ષુઓ, ત્રીજીમાં કેવળ ભિક્ષુણીઓ, ચોથીમાં પત્રકારો અને પાંચમીમાં અન્ય સાધકો બેઠા અને અસ્થિવિસર્જન માટે નદીના મધ્ય ભાગમાં ગયા. વિસર્જન સુધીમાં અંધારું થવા આવ્યું હતું. તે દિવસે બપોરના બાર વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી સરકારે અન્ય બધી નૌકાઓ તથા વહાણોને એ વિસ્તારમાં આવતાં રોકી રાખ્યાં હતાં

અસ્થિવિસર્જન માટે આવેલી બધી નૌકાઓ વળાંક લઈને વર્તુળાકારે ગોઠવાઈ ગઈ અને સૌએ એકી સાથે મીણબત્તીના એક હજાર દીવડા પ્રગટાવીને નદીમાં તરતા મૂક્યા. આ ભવ્ય દૃશ્ય સાંજના અંધારામાં અધિક ભવ્ય થઈ ગયું; રંગીન કાગળની આડચવાળા આ દીવડા ડોલતા ડોલતા નદીના પ્રવાહમાં ફેલાઈગયા, જાણે દેવલોકના દેવગણ પ્રસન્ન થઈને ડોલી ઊઠ્યા હોય. અનેક પ્રકારની આતશબાજી કરવામાં આવી જે જળસપાટીથી ગગન સુધી અદ્ભૂત દૃશ્ય પેદા કરી રહી હતી.

અંતમાં ભદંત ઞાંણીસારજીએ કહ્યું કે આવું ભવ્ય

સ્વાગત આજ સુધી કદિ કોઈનું થયું નથી કે નથી અન્ય કોઈની આવી વિદાય થવાની સંભાવના. ભદંત ઞાણીસારજીએ એ પણ કહ્યું કે ૧૯૬૯માં ઊ ગોયન્કા મારફત ઇરાવદીના તટથી જે ધર્મગંગા ભારત ગયેલી તે અસ્થિકળશ રૂપે ૨૦૧૩માં પાછી આવીને તેમાં જ વિલીન થઈગઈ, તેમ છતાં ધર્મપ્રસારણનું કાર્ય વિશ્વભરમાં ચાલતું રહેશે. રાત્રે એ બધા લોકો માંડલેમાં જ રહ્યા.

૧૧મી ઓક્ટોબરે સવારે ગોયન્કા પરિવારના લોકો વિમાન મારફત માંડલેથી યાંગો પાછા ફર્યા અને તે જ દિવસે સાંજના વિમાનથી બેન્કોક થઈને રાતના લગભગ બે વાગ્યે મુંબઇ પોતાના ઘરે પહોંચ્યા. બારમી ઓક્ટોબરની સવારે ભિક્ષુઓને આમંત્રણ આપીને સંઘદાન કરવામાં આવ્યું. આ પ્રસંગે પરિવારના બધા સભ્યો તથા સગાંવ્હાલાં ઉપસ્થિત હતાં; બધાં સંઘદાનમાં સામેલ થઈને ખૂબ પ્રસન્ન થયાં. તેરમી તારીખે પણ સંઘદાન રાખવામાં આવ્યું. આ રીતે વિપશ્યના દ્વારા વિશ્વને શુદ્ધ ધર્મની અનુભૂતિ કરાવનાર એક ગૃહસ્થ સંતને ભાવભીની શ્રદ્ધાંજલિ સાથે અંતિમ વિદાય આપવામાં આવી.

પૂ.ગુરુદેવ પોતાની ભૌતિક કાયાથી ભલે આપણાથી દૂર થઈ ગયા હોય, પરંતુ તેમની ધર્મભૂત કાયા, તેમની વાણી, તેમનો દિવ્ય વારસો સદા આપણી સાથે રહેશે. હવે આપણું એ કર્તવ્ય છે કે આ અણમોલ વિદ્યાને આપણા જીવનનું અંગ બનાવીએ અને વધુમાં વધુ લોકોને ધર્મલાભ લઈ શકવામાં સહાયક થઈએ. ધર્મ ધારણ કરીશું તો પારસ્પરિક સહૃદયતા જળવાઈ રહેશે અને પોતાના કલ્યાણની સાથોસાથ અન્ય અનેકોના મંગલ-કલ્યાણમાં પણ સહભાગી થઈશું. બધાં મળીને આખા વિશ્વમાં પૂ. ગુરુદેવના ધર્મપ્રસારણના લક્ષ્યને પૂર્ણ કરીએ, તો જ તેમના પ્રત્યે ખરા અર્થમાં આપણી સાચી શ્રદ્ધાંજલિ ગણાશે, તો જ આપણા સૌનું સાચું મંગળ સધાશે અને ખરા અર્થમાં ધર્મ આપણું કલ્યાણ કરશે.

ભવતુ સબ્બ મંગલં

## ધમ્મકોટ કેન્દ્ર - રાજકોટ માટે કોમ્પ્યુટર ઓપરેટરની જરૂર છે.

**ટેલીફોન તેમજ કોમ્પ્યુટર સંભાળી શકે તેવા સેવક/સેવિકાની કાયમી જરૂર છે. લાયકાત મુજબ યોગ્ય પૂરતું વેતન આપવામાં આવશે.**

**સંપર્ક : - ૯૪૨૬૨ ૦૨૨૨૨**

## ધમ્મપાલિ - પાલિતાણા ખાતે ધર્મસંમેલન અને વિપશ્યના સાધના

ધમ્મપાલિ-પાલિતાણા ખાતે તા. ૨૦-૧૦-૨૦૧૩, રવિવારના રોજ ધર્મસંમેલન અને વિપશ્યના સાધનાનું આયોજન થયેલ. જેમાં ગુજરાત તેમજ મુંબઈના કુલ ૩૪૦ જેટલા સાધક-સાધિકા ભાઈ-બહેનોએ લાભ લીધો.

વિપશ્યના સાધનાને અનુરૂપ અને પુષ્ટિ મળે તેવું પ્રાકૃતિક અને અનુકૂળ સ્થાનથી બધાં પ્રભાવિત અને પ્રસન્ન થયાં.

આ સાથે પૂ. ગુરુજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. ગ્લોબલ પેગોડાથી પૂ. ગુરુજીનો સંદેશો લઈને પધારેલ તથા અન્ય આચાર્યશ્રીઓએ જણાવ્યું કે સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ અને કૃતજ્ઞતા એ ગણાય કે આપણે ગુરુજીના સંકલ્પ-કાર્યને આગળ ધપાવીએ. સાધનામાં આપણે પુષ્ટ થઈએ અને વધુને વધુ લોકોને આ સાધનાનો લાભ મળે તે માટે સતત સંનિષ્ઠ પ્રયત્નશીલ રહીએ. ''બહુજન સુખાય બહુજન હિતાય, લોકાનુકંપાય'' એ સૂત્રને સાર્થક કરી કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો સંકલ્પ કરીએ.

મુંબઈથી પધારેલ આચાર્યશ્રીએ પૂજ્ય ગુરુજીના શરૂઆતનાં સાધના શિબિરનાં સંસ્મરણો વાગોળતાં જણાવ્યું કે અનેક મુશ્કેલીઓ વચ્ચે પૂ. ગુરુજી આ સાધનાને ભારતમાં પ્રસ્થાપિત કરી સમગ્ર વિશ્વમાં ફેલાવી. હવે તો આપણી પાસે સુવિધાયુક્ત કેન્દ્રો છે. ફક્ત આ મહાકલ્યાણી વિદ્યા વધુને વધુ લોકો લાભભાન્વિત થાય એવો સંકલ્પ કરીએ. તે જ સાચી શ્રદ્ધાંજલિ ગણાય.

પૂ. માતાજીએ પાઠવેલો 'ધમ્મપાલિ' માટે પૂ. ગુરુજીનો ધર્મ સંદેશ-

**एकतो तिट्ठो सत्तुविजयदस्समानो सत्तुञ्जयो पब्बतो,**
**एकतो तिट्ठति धम्मगङ्गासदिसा सत्तुञ्जया नदी,**
**विसोधितुं रागदोसेहि इदानि मज्जे विज्जति 'धम्मपालि' ।**

**એક તરફ શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરનારની જેમ મહાન 'શત્રુંજય' પર્વત અડગ ઊભો છે. બીજી તરફ ધર્મગંગાની જેમ વહેતી 'શત્રુંજયા' નદી છે. અને બન્ને વચ્ચે બધા રાગ-દ્વેષને ધોવા માટે 'ધમ્મપાલિ' (વિપશ્યના કેન્દ્ર - પાલિતાણા) વિદ્યમાન છે.**

**चिरं तिट्ठतु सद्धम्मो इध ।**
**અહીં સદ્ધર્મ ચિરસ્થાયી રહે ।**

**તા. ૧૦-૧૦-૨૦૧૩**

**પાલીતાણા કેન્દ્ર (ધમ્મપાલિ) ઉપર (માનદ /સવેતન) સેવા આપવા ઇચ્છતા વિપશ્યી સાધકોએ મો. નં. ૭૮૭૮૧૦૩૬૩૬ પર સંપર્ક કરવા વિનંતી.**

## વિપશ્યના પરિચય કાર્યક્રમ - ધમ્મકોટ

તા. ૮ ડીસેમ્બર ૨૦૧૩ અને ૧૯ જાન્યુઆરી ૨૦૧૪ રવિવારના રોજ વિપશ્યી સાધકોના પરિવારજનો/સ્નેહીજનો અને જિજ્ઞાસુઓ માટે ધમ્મકોટ કેન્દ્ર પર વિપશ્યના પરિચય અને 'આનાપાન' ધ્યાન સાધનાનું આયોજન કરેલ છે.

**સમય :-** સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી. બપોરે ૧ વાગ્યે ભોજન અને સમાપન.

**નોંધ :-** ભોજન અને અન્ય વ્યવસ્થા યોગ્યરીતે થઈ શકે તે માટે આગોતરા રજિસ્ટ્રેશન કરાવીને પધારશો.

**સંપર્ક :- ફોન :** (0281) 2924942, 2924924, Mo. 9327923540

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. | ''ધમ્મ અંબિકા'' | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન'' |
|---|---|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. (0281) 2233666 78787 27240 (0281) 2924942 93279 23540 રજિસ્ટ્રેશન ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૦૦ થી ૭:૦૦ dhammakot@gmail.com | C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 | ૯૪૨૮૧ ૬૦૭૧૪ ૯૮૨૫૦ ૪૪૫૩૬ ૦૨૬૩૪-૨૯૧૧૦૦ ૦૨૬૩૪-૨૯૨૫૨૧ | ૫–કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા–૩૯૦૦૨૦. (0265) 2341181 (M) 94263 32180 E-mail : vvs04@ hotmail.com |

## ૧૦ દિવસીય શિબિરની માહિતી

| | | | | | |
|---|---|---|---|---|---|
| 27-11 to 08-12-13 | 12-01 to 23-01-14 | 04-12-13 to 15-12-13 | 04-12-13 to 15-12-13 | 11-12-13 to 22-12-13 | 11-12-13 to 22-12-13 |
| 14-12 to 25-12-13 | 26-01 to 06-02-14 | 18-12-13 to 29-12-13 | 01-01-14 to 12-01-14 | 01-01-14 to 12-01-14 | 25-12-13 to 05-01-14 |
| 26-12 to 06-01-14 | 09-02 to 20-02-14 | 01-01-14 to 12-01-14 | 15-01-14 to 26-01-14 | 15-01-14 to 26-01-14 | 15-01-14 to 26-01-14 |
| 08-01 to 19-01-14 | 30-03 to 10-04-14 | 15-01-14 to 26-01-14 | 29-01-14 to 09-02-14 | 05-02-14 to 16-02-14 | |
| 22-01 to 02-02-14 | 13-04 to 24-04-14 | 29-01-14 to 09-02-14 | 12-02-14 to 23-02-14 | 19-02-14 to 02-03-14 | |
| 05-02 to 16-02-14 | 27-04 to 08-05-14 | 12-02-14 to 23-02-14 | 26-02-14 to 09-03-14 | 05-03-14 to 16-03-14 | |
| 19-02 to 02-03-14 | 11-05 to 22-05-14 | 26-02-14 to 09-03-14 | 02-04-14 to 13-04-14 | | |
| | | 12-03-14 to 23-03-14 | 16-04-14 to 27-04-14 | | |

**: ધર્મજ :**
(૦૨૬૯૭)
૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨
મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫
હેમંતભાઈ પટેલ

**: ઉના :**
**ગ્રુપ સીટીંગ**
સવારે ૬:૩૦ થી ૭:૩૦
હરેશભાઈ જે. ટીલવાણી
૪૨, વ્રજભૂમિ સોસાયટી, શેરી નં.૩, નવી મામલતદાર ઓફીસ પાછળ, ગીરગઢડા રોડ, ઉના. મો.: ૯૪૨૭૭ ૩૮૦૭૦

રજિસ્ટ્રેશન
0261-3260961
(૧૧થી ૫ દરમિયાન)

**:: સરનામું ::**
નવસારી અને બિલિમોરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી., નેશનલ હાઈવે નં. ૮, બોરિયાચ ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર ગામ : વગલવાડ, તા.: ગણદેવી

## એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે ૮ થી ૪ | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

## દોહા ધરમના

નશ્વર સંસાર મેં, ધ્રુવ શાશ્વત ના કોય ।
પાની કો સે બુદ બુદે, ભંગ ભંગ હી હોય ॥
જગત બદલતા હી રહે, યહી નિયતિ કા ધર્મ ।
જીર્ણ શીર્ણ હોતા રહે, યહી દેહ કા ધર્મ ॥
ના મરને કા ભય હમેં, ના જીનેકા લોભ ।
સમય પકે તો ચલ પડે, હોય ન મન મેં ક્ષોભ ॥

**એક્સેલ કોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

નાના જન આતે રહે, યહ તો જગત સરાય ।
કોઇ ટિક પાયે નહીં, જો આયે સો જાય ॥
બડે બડે બલવાન હૈં, બડે બડે ધનવાન ।
મૃત્યુરાજ કી મુષ્ટિ મેં, બંધે સભી કે પ્રાણ ॥
ક્યા જાનુ કબ પતન હો, ઐસી નશ્વર કાય ।
પાપ કર્મ ઈસ કાય હિત, જરા નહીં મન ભાય ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 17 નવેમ્બર 2013** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2012-14
(Renewed upto 31.12.2014)

Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટલ, પંચનાથ રોડ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666
મોબાઈલ : 7878 7272 23
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org